## પત્રક ભાગ-૩

## પંદરમી ગુજરાત વિધાનસભા

# શુક્રવાર, તા.૪થી એપ્રિલ, ૨૦૨૫

**૨૧૩.અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક:**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિની મંગળવાર, તા.૧૭/૧૨/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા આદિજાતિ જિલ્લાઓ પૈકી પૈકી ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં સિંચાઈની યોજનાઓ અને તે બાબતે થયેલ કામગીરીની માહિતી અંગેના વિભાગ તરફથી તા.૨૧/૦૯/૨૦૨૪ના રોજ મળેલ સાહિત્યની તપાસ હાથ ધરવામાં આવી હતી.

સમિતિએ આદિવાસી વિસ્તારો માટે સિંચાઈ પ્રભાગ હેઠળની વિવિધ યોજનાઓની માહિતી માંગી હતી અને જે યોજનામાં કામગીરી થયેલ નથી તેના કારણોની પૃચ્છા કરી હતી. વિભાગ દ્વારા વિવિધ કામગીરી અને સૂચિત કામની સ્થિતિ જણાવી હતી.

નર્મદા નદીની બે ઉપનદીઓ મેર અને અશ્વિન નદીઓ પર ચેકડેમ બનાવીને નસવાડી અને તિલકવાડા એમ બંને તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી શકે તે માટે સમિતિએ ભલામણ કરી હતી. સમિતિએ અંબિકા અને પૂર્ણાનદી પર બેરેજ બનાવી અને ત્યાંથી લીફ્ટ કરી તે પાણી ઓલણ નદીમાં નાખી તે પાણીનો લાભ ઉદ્વહન સિંચાઈ યોજના મારફતે આખા ડૉલવણ તાલુકાને મળી શકે તે માટે સમિતિએ ચર્ચા કરી હતી.

સમિતિએ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં સિંચાઈ વિભાગ હસ્તકના ડેમો તથા સિંચાઈ યોજનાઓની કામગીરીની સ્થળ તપાસ કરવાનો નિર્ણય કર્યો હતો.

સમિતિએ સિંચાઈ પ્રભાગની તપાસ અધુરી રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**ઈન્ચાર્જ સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**